દિવ્ય ભાસ્કર

https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/ahmedabads-edii-has-been-accorded-center-of-excellence-status-by-the-ministry-of-skill-development-and-entrepreneurship-129133741.html?

# ગૌરવ: અમદાવાદની EDIIને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય પાસેથી 'સેન્ટર ઓફ એક્સલન્સ'નો દરજ્જો

- આ દરજ્જો પાંચ વર્ષ માટે માન્ય છે અને આ દરજ્જો મંત્રાલયના કેટલાક માપદંડો પર સંસ્થાના નિરીક્ષણ પછી મળ્યો છે

અમદાવાદ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાને દેશમાં કૌશલ્ય વ્યવસ્થાના ક્ષેત્રમાં ભારત સરકાર દ્વારા 'સેન્ટર ઓફ એક્સલન્સ' (COE)નો દરજ્જો આપવામાં આવ્યો છે. આ સંબંધમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા (MSDE) મંત્રાલય દ્વારા અધિકૃત ગેઝેટ નોટિફિકેશન ઇશ્યૂ થયું છે. આ દરજ્જો પાંચ વર્ષ માટે માન્ય છે અને આ દરજ્જો મંત્રાલયના કેટલાક માપદંડો પર સંસ્થાના નિરીક્ષણ પછી મળ્યો છે. MSDEએ ઇશ્યૂ થયેલા સીઓઇના દરજ્જા માટે માર્ગદર્શિકા મુજબ, સેન્ટર ઓફ એક્સલન્સ એક સંસ્થા છે, જે નેતૃત્વ, શ્રેષ્ઠ પદ્ધતિઓ, સંશોધન, સપોર્ટ, તાલીમાર્થીઓને તાલીમ અને વિકસતી ટેકનોલોજીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ચોક્કસ ક્ષેત્રો માટે કૌશલ્ય તાલીમ પ્રદાન કરશે. એનો અર્થ એવી સંસ્થા છે, જ્યાં સર્વોચ્ચ ધારાધોરણો જાળવવામાં આવે છે.

EDIIને નવા ઉદ્યોગ સાહસોના સર્જનમાં વધારો થાય અને રોજગારદક્ષતા વધે, નવા કૌશલ્યોની જરૂરિયાતો પૂરી થાય અને ઉદ્યોગની જરૂરિયાતો અનુસાર કૌશલ્યો પ્રદાન થાય એ માટે સંશોધન હાથ ધરવામાં આવે એ સુનિશ્ચિત કરવા તાલીમ અને સક્ષમતા લાવવા ઉદ્યોગ, શૈક્ષણિક જગત અને સરકારો સાથે જોડાણમાં વન-સ્ટોપ રાષ્ટ્રીય સંસાધન કેન્દ્ર તરીકે કૌશલ્યની વ્યવસ્થામાં સીઓઇ તરીકેને દરજ્જો આપવામાં આવ્યો છે.

આ વિશે EDIIના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "આ અતિ ગર્વની વાત છે કે, EDIIને ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયે સેન્ટર ઓફ એક્સલન્સ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. EDIIએ ઉદ્યોગસાહસિકતા વિકાસની વિભાવના પ્રસ્તુત કરી છે અને પોતાના વ્યવસાયને સ્થાપિત કરવા અન્ય શૈક્ષણિક શાખાની જેમ ઉદ્યોગસાહસિકતા કેવી રીતે શીખી શકાશે એ સ્થાપિત કર્યું છે. ભારત માટે આર્થિક વૃદ્ધિ અને સામાજિક વિકાસના પ્રેરકબળો કૌશલ્યો અને જાણકારી છે એને ધ્યાનમાં રાખીને સંસ્થાએ ઉદ્યોગસાહસિકતા સાથે સંપૂર્ણ આર્થિક વૃદ્ધિ સુનિશ્ચિત કરવા સમાજના વિવિધ ક્ષેત્રો અને તબક્કાઓને લક્ષ્યાંક બનાવ્યાં છે."

EDIIના ડાયરેક્ટર જનરલે માહિતી આપી હતી કે, "ઉદ્યોગસાહસિકતાની ઉત્કૃષ્ટતાના સર્વોચ્ચ ધારાધોરણો જાળવવા કેન્દ્ર મુખ્યત્વે સ્વદેશી ઉદ્યોગસાહસિકો વચ્ચે ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિ સ્થાપિત કરશે અને તેમને પર્યાપ્ત જાણકારી અને અનુભવ સાથે સક્ષમ બનાવશે, ઉદ્યોગસાહસિકતાનું શિક્ષણ, તાલીમ અને વ્યવસાયિક સલાહકારી સેવાઓ આપશે, પ્રેરક નીતિ સુનિશ્ચિત કરશે તથા આ માટે સાનુકૂળ વ્યવસ્થા ઊભી કરવા માટે જવાબદાર અધિકારીઓને જાગૃત કરશે અને તેમને તાલીમ આપશે, જેના પરિણામે રવાન્ડામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસોના વિકાસ, એની સાતત્યતા અને વૃદ્ધિ માટે સાનુકૂળ વ્યવસાયિક વાતાવરણ ઊભું થશે."

ઉદ્યોગસાહસિકતાની વિકાસલક્ષી કામગીરીઓ સાતત્યપૂર્ણ રીતે જળવાઈ રહે એ સુનિશ્ચિત કરવા સંસ્થા સક્ષમ ટ્રેનર-મોટિવેટર્સ અને બિઝનેસ કાઉન્સેલર્સની કેડરને સંસ્થાગત પણ બનાવશે તથા ઉદ્યોગસાહસિકતાને અનુકૂળ હોય એવી નીતિઓ બનાવવા રાષ્ટ્રીય અને પ્રાંતીય સ્તરે નીતિનિર્માણની પ્રક્રિયાને પ્રભાવિત કરશે. EDII દ્વારા સેન્ટરનું ઉદ્ઘાટન અને સલાહકારની નિમણૂક થયા પછી 16 નવેમ્બરના રોજ કિગાલીમાં પ્રથમ ન્યૂ એન્ટરપ્રાઇઝ ક્રિએશન પ્રોગ્રામ શરૂ થયો હતો. આ 18 દિવસના પ્રોગ્રામમાં 30 સંભવિત ઉદ્યોગસાહસિકો સામેલ થયા છે. સાથે સાથે રવાન્ડમાં ઇડીઆઇઆઈ બિઝનેસ ઓપોર્ચ્યુનિટી આઇડેન્ટિફિકેશન એક્સરસાઇઝ હાથ ધરી છે તથા સ્થાનિક જરૂરિયાતો અને સ્થિતિ સંજોગોને અનુકૂળ ઓછામાં ઓછી 50થી 70 પ્રોજેક્ટ પ્રોફાઇલ પણ વિકસાવી છે.